(તસવીર : કશ્યપ નિમાવત)

જે.સી.આઈ. દ્વારા તાજેતરમાં યોજાયેલ 'સુપર સીંગર સ્પર્ધા''માં ગ્રુપ-એ,બી.સી.ના પ્રથમ ત્રણ વિજેતાઓમાંના હરિઓમ સુખદેવભાઈ ગઢવી ધોરણ-૯માં અભ્યાસ કરે છે. ધોરણ-૪ થી સત્યમ રાવલ પાસેથી સંગીતની તાલીમ મેળવી રહ્યા છે. પસંદગીના ગાયકો કૈલાશ ખેર અને રાહતફતેઅલી ખાન છે. સૂફી ગીતો અને ગુજરાતી ગીતો ગાવાનું વધુ પસંદ છે. માતા કુંદનબેન સારા ગાયક છે જેનો વારસો મળ્યો છે. પિતા સુખદેવભાઈએ સદાય પ્રોત્સાહિત કર્યા છે. આ સ્પર્ધાના વિજેતા બનવાથી આત્મવિશ્વાસ વધ્યો છે. આગળ પણ ભણવા સાથે સંગીતમાં ઉચ્ચ કોટીનું સ્થાન પ્રાપ્ત કરવું છે. હંમેશા માતા-પિતાને સાથે રાખીને કાર્ય કરીએ તો અવશ્ય સફળતા મળે છે. તેવું હરિઓમ ગઢવી કહે છે.

આ જ સ્પર્ધાના ગ્રુપ-બીના વિજેતા ડૉ. અનુજા બિરેન પુરોહિત કર્ણાવતી ડેન્ટલ કોલેજ ખાતે ડેન્ટીસ્ટ છે. પોતાની સફળતાનો પૂરો શ્રેય પિતા બિરેનભાઈ પુરોહીતને આપે છે. જાણીતા ગાયક તરીકે બિરેનભાઈનું એક આગવુ સ્થાન છે. માતા સંગીતાબેન પણ સારા ગાયીકા છે. ૧૯૮૯માં સુપર સીંગર ટાઈટલ મેળવ્યું હતું. પોતે દિકરી તરીકે જન્મેલ છે તે સૌભાગ્યની વાત છે. માતા-પિતા તમારા હંમેશા માર્ગદર્શક બની રહે છે. તાલીમ સત્યમ રાવલ પાસેથી મેળવેલ છે. દરેક દિકરા-દિકરીઓએ માતા-પિતાને પણ સમજાવવા જરૂરી છે. તેવુ ડૉ. અનુજાનું માનવું છે.

શ્રીમતી જયમાલીની રાહુલ પટેલ ગ્રુપ-સીના વિજેતા જેઓ એલ.આઈ.સી.માં આસીસ્ટન્ટ તરીકે ફરજ બજાવે છે. પોતાની આ સુપર સીંગર સફળતાનો પૂરો યશ પતિ રાહુલભાઈ આપે છે. હંમેશા એક પતિ તરીકે અને એક મિત્ર, સલાહકાર તરીકે મદદ કરી છે. ઘર-સંસાર ચલાવતા ઈત્તરપ્રવૃત્તિઓમાં કાયમ મદદ કરી છે. ફક્ત ગૃહિણી કે વર્કીંગ વુમનનું ટાઈટલ લઈને બેસી રહેવા કરતા પરિવારને સાથે રાખી પોતાની અલગ ઓળખાણ પણ રાખવી જોઈએ તેમ જયમાલીની બહેન કહે છે.

આ સ્પર્ધાની શરૂઆત ૩ મહિના પહેલા થઈ હતી. જેના ૧૫૦ જેટલા સ્પર્ધકો હતા. એક એક પછી રાઉન્ડ પસાર કર્યા પછી ૧૫ ફાઈનાલીસ્ટ તૈયાર કર્યા. ટેલીવિઝન પર આવતા રીયાલીટી શો જેવું નવું કરવાની ગણતરીથી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. નવા કલાકારોને આવી સ્પર્ધાને કારણે તક મળતી રહે છે. આ પ્રથમ પગથિયું છે. જીવનમાં આગળ વધવાની શરૂઆત જીસીઆઈ આપવામાં મદદ કરે છે. ફક્ત ભણતર જરૂરી નહિ પણ કલા વિકસાવવી પણ જરૂરી છે. તેમ જેસીઆઈના કેતનભાઈ અને સાત્વિકભાઈએ જણાવ્યું હતું.

શહેરનાં લારી-ગલ્લાઓ પર મોડી રાત સુધી અસામાજીક તત્વોનો અડીંગો

રાત્રે ચાલવા નીકળતા સહેલાણીઓની મશ્કરીઓ-છેડતી ન થાય તે માટે ૧૧નાં ટકોરે લારી-ગલ્લા બંધ કરાવાયા

ગાંધીનગર, તા.૧૪

ઉનાળુ વેકેશન શરૂ થતા નગરજનો મોડી સાંજે જમી-પરવારીને બહેન-દિકરીઓ સાથે ચાલવા વીકળે છે ત્યારે શહેરના મોટા ભાગના લારી ગલ્લાઓ પર સિગારેટ-મસાલાના બહાને અડીંગો જમાવીને બેસી રહેતા અસામાજીક તત્વો દ્વારા મશ્કરીઓ કે છેડતીના પ્રયાસ કરવામાં આવતા હોવાની ફરિયાદો ઉઠી છે આ ફરીયાદો ન ઉઠે તે માટે ગાંધીનગર એલસીબીની ટીમે રાત્રે શહેરના તમામ લારી-ગલ્લાઓ પર ફરીને ૧૧ના ટકોરે તાળા મારી દેવાની સ્ટ્રીક સૂચના આપી દીધી હતી.

ગાંધીનગર એલસીબીની ટીમે ગઈ કાલે રાત્રે શહેરના ઘ માર્ગ ઉપરાંત આંતરીક માર્ગો પર જયાં સહેલાણીઓ ફરવા નીકળે છે અને લારી ગલ્લાઓ ખડકાયેલા છે તેવા વિસ્તારમા રાઉન્ડ માર્યા હતા અને અડીંગો જમાવીને બેસી રહેલા અસામાજીક તત્વોને ૧૧નાં ટકોરે ઘરે રવાના થવા આદેશ કરી દીધો હતો તે ઉપરાંત તેવા લારી ગલ્લાઓ પણ બંધ કરી દેવાયા હતા. રાત્રે ચાલવા નીકળતા નગરજનો તથા બહેન દિકરીઓની સલામતી અને સુરક્ષા જળવાઈ રહે તે માટે આવા લારી ગલ્લાઓ રાત્રે બંધ રાખવાની કડક સુચનાઓ આપી દેવાઈ છે.

સે-૨૩ મમતા આઈએએસ ટ્રેનીંગ સેન્ટરના આઠ વિદ્યાર્થીઓ પર્સનાલીટી ટેસ્ટ આપશે

ગાંધીનગર, તા.૧૪

આઈએએસ અને આઈપીએસ બનવા માટે યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (યુપીએસસી) દ્વારા લેવાતી પરીક્ષામાં રાજયના અંદાજિત ૫૦ વિદ્યાર્થીની પર્સનાલિટી ટેસ્ટ માટે પસંદગી કરાઈ છે. મમતા આઈએએસ ટ્રેનિંગ સેન્ટર ગાંધીનગરના ૧૭ વિદ્યાર્થીએ યુપીએસસી દ્વારા લેવાયેલી પ્રિલિમ પરીક્ષા આપી હતી તેમાંથી ૮ વિદ્યાર્થીએ મુખ્ય પરીક્ષા પાસ કરી છે. સનદી અધિકારી બનવા માટે વિદ્યાર્થીઓએ ૨૭ એપ્રિલે લેવાનારી મહત્વની પર્સનાલીટી ટેસ્ટ આપવાનો રહેશે. નોંધનીય છે કે પર્સનાલીટી ટેસ્ટ માટે પસંદગી પામેલા ૮ માંથી ૨ વિદ્યાર્થીની છે.

સનદી સેવાઓ માટે ૧૪ થી ૨૦ ડિસેમ્બર ૨૦૧૪ દરમિયાન મેઈન એકઝામ લેવાઈ હતી. સે-૨૩ સ્થિત મમતા આઈએએસ ટ્રેનિંગ સેન્ટર દ્વારા વિદ્યાર્થીઓને યુપીએસસીની પરીક્ષા માટે માર્ગદર્શન અને કોચિંગ અપાતું હોય છે. આ વર્ષે લેવાયેલી પ્રિલિમનરી પરીક્ષામાં મમતાના ૧૭ વિદ્યાર્થી બેઠા હતા તેમાંથી ૮ વિદ્યાર્થી પર્સનાલિટી ટેસ્ટ માટે પસંદગી પામ્યા છે. ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૩માં ૫ માંથી ૨ વિદ્યાર્થી પર્સનાલીટી ટેસ્ટ માટે પસંદ થયા હતા.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ગાંધીનગરના ચેરમેન વલ્લભભાઈ પટેલે તમામ ઉમેદવારોને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી અને જણાવ્યું હતું કે જીવનમાં ખુબ જ ઉંચા શિખરો સર કરો. તનતોડ મહેનત કરી પર્સનાલીટી ટેસ્ટમાં પણ ઉત્તીર્ણ થાઓ.

(તસવીર : કશ્યપ નિમાવત)

તાજેતરમાં સેકટર-૬ પોલિસ સ્ટેશને લોક દરબાર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જયાં સે-૬ અને ૭નાં અગ્રણી નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. પોલિસ અધિકારી શ્રી મોણપરા અને મહિલા પોલિસ અધિકારી મીની જોસેફ મેડમ સાથે પોલિસ અને પબ્લિક વચ્ચે સંવાદિતતા જળવાય અને પ્રશ્નોનું નિરાકરણ થાય તે વિશે ચર્ચા કરવામાં આવી હતી.

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા પુસ્તક દિનની ઉજવણીનું આયોજન

ઓમ કોમ્યુનિકેશન સાથે સંયુક્ત ઉપક્રમે અમદાવાદમાં સાહિત્ય પરિષદ ખાતે કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૪

આગામી તા. ૨૩મી એપ્રિલે 'વિશ્વ પુસ્તક દિન' છે. ઓમ કોમ્યુનિકેશન અને ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે આ દિવસે સાંજે ૫.૩૦ કલાકે અમદાવાદના ગુજરાતી સાહિત્ય પરિષદનાં ગોવર્ધન સ્મૃતિ મંદિર ખાતે વર્લ્ડ બુક ડેની ઉજવણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં સુવિખ્યાત હાસ્ય લેખક રતિલાલ બોરીસાગર પુસ્તક વાંચનનો મહિમા સમજાવશે.

યુનેસ્કો દ્વારા પ્રેરિત વર્લ્ડ બુક ડે કાર્યક્રમમાં પુસ્તક દિવસ અંગે પારસ જહા વાત કરશે. આ પ્રસંગે નાટક, ટીવી સિરીયલ અને ફિલ્મ કલાકાર ભરત ઠકકર લઘુવાર્તાનું પઠન કરશે. રતિલાલ બોરીસાગર પુસ્તક વાચનનો મહિમા વર્ણવશે જયારે રોહિત શુકલ અમર્ત્યસેનના પુસ્તક ધ આઈડીયા ઓફ જસ્ટીસને કેન્દ્રમાં રાખી મને ગમતું પુસ્તક વિષયે વકતવ્ય આપશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન હરદ્વાર ગોસ્વામી કરશે. કાર્યક્રમના અંતે ઉપસ્થિત રહેનાર સૌને ગાંધીજીનું પુસ્તક ભેટમાં અપાશે.

યુનેસ્કો દ્વારા વિશ્વભરમાં ૨૩ એપ્રિલના દિવસે વિશ્વ પુસ્તક દિન જાહેર કરવામાં આવ્યો છે. વિશ્વમાં પુસ્તકનો મહિમા જળવાય અને નવી યુવા પેઢીમાં પુસ્તકો પ્રત્યે સમજ અને રૂચિ કેળવાય તે આશયથી આ ઉજવણી કરવામાં આવે છે તેવું ઓમ કોમ્યુનિકેશનના મેનેજીંગ ટ્રસ્ટી મનિષ પાઠક જણાવે છે. પુસ્તક દિનની ઉજવણીથી માતૃભાષા પ્રત્યેનો પ્રેમ વધે અને શિષ્ટ સાહિત્યનું વાંચન થાય તેવો મુખ્ય આશય રહેલો છે.

સે-૭ ડૉ. બાબા સાહેબ છાત્રાલયમાં સાત કિલોની કેક કાપી જન્મ જંયતિ મનાવી

ગાંધીનગર, તા.૧૪

સેકટર-૭ સ્થિત ડૉ. બાબા સાહેબ કુમાર છાત્રાલય દ્વારા બંધારણના ઘડવૈયા ડૉ. આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિ મનાવી હતી. ડૉ. બાબા સાહેબના જન્મ દિવસ નિમિત્તે રાત્રે બાર વાગે સાત કિલોની કેક કાપી ઉજવણી કરી હતી.

છાત્રાલયના છાત્રોએ સવારે ૯-૦૦ વાગે રેલી કાઢી ચ-૪ સ્થિત ડૉ. બાબા સાહેબની પ્રતિમાને પુષ્પ અર્પણ કર્યા હતા. ત્યારબાદ છાત્રાલય ખાતે બાબ સાહેબના જીવન વિશે વકતવ્ય રજુ કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા આ પ્રસંગે કવીઝ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં છાત્રાલયના તમામ છાત્રોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે બી.એસ. જાદવ, જીતુભાઈ સોલંકી, રાઘવજીભાઈ મઘાડ, નરેન્દ્ર પરમાર, આર.યુ. પરમાર, જયરામભાઈ અને રેકટર ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતાં.

શહેર કોંગ્રેસે ડૉ. બાબાસાહેબને અંજલિ અર્પી

ગાંધીનગર, તા. ૧૪

ભારત દેશના બંધારણના ઘડવૈયા ગરીબોના, સામાજિક વંચિતોના ઉધ્ધારક માટે સતત લડવા વાળા સદીના મહાન મહાનાયક એવા બાબાસાહેબ આંબેડકરની આજે ૧૨૫મી જન્મ જયંતી નિમિત્તે ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ મુકેશ પટેલની આગેવાની હેઠળ ડૉ. બાબાસાહેબ આંબેડકરને પુષ્પાંજલી આપવા રેલી સ્વરૂપે શહેર કોંગ્રેસના આગેવાનોએ સેક્ટર-૧૪ થી ડૉ. બાબાસાહેબ આંબેડકર પ્રતિમા સુધી પગપાળા પહોંચીને પ્રતિમાને પુષ્પાંજલી આપવામાં આવી હતી. પુષ્પાંજલી આપવામાં નિશિત વ્યાસ, વિક્રમસિંહ ખાચર, ચિમનભાઈ વિંઝુડા, તેજાભાઈ દેસાઈ, કે.પી. સોલંકી, મગનભાઈ પરમાર, જયદીપ ઠાકોર, અંકિત બારોટ, મિનાબેન વાઘેલા, પ્રેમબા હાડા, અનિતા સોલંકી, જશીબેન શ્રીમાળી, એલ.એન. પરમાર, રાકેશ જાની, અશોક શ્રીમાળી, જીતુભાઈ રાયકા, હર્ષજીત પંડ્યા, હસમુખ મકવાણા, શૈલેન્દ્રસિંહ બિહોલા, હીરાલાલ મેહરીયા, વસંતભાઈ પરમાર, મગનલાલ પરમાર, કનૈયાલાલ શાહ, ઈશ્વરભાઈ દેસાઈ, મુકેશ મારૂ, હેનિશ રાઠોડ, બી.કે. રાઠોડ તથા આગેવાનો, હોદ્દેદારો, કોર્પોરેટરો, મહિલા કોંગ્રેસ આગેવાનો વગેરે મોટી સંખ્યામાં પુષ્પાંજલી આપવા હાજર રહ્યા હતા.

આમ આદમી પાર્ટી દ્વારા ડૉ. આંબેડકર જયંતિ ઉજવાઈ

માણસા,તા. ૧૪

સાચા સ્વરાજ, જન લોકપાલ તથા ભ્રષ્ટાચારમુક્ત ભારતના નિર્માણ માટે સ્થાપિત 'આમ આદમી પાર્ટી'ના માણસા તાલુકા તથા ગાંધીનગર જિલ્લા એકમના સંયુક્ત ઉપક્રમે આજ રોજ ડૉ. ભીમરાવ આંબેડકર જન્મ જયંતિની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું.

માણસા તાલુકા, ગાંધીનગર મહાનગર તથા જિલ્લાના આમ આદમી પાર્ટીના સક્રિય કાર્યકર્તાઓ દ્વારા સચિવાલય સામે સ્થિત ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પમાળાઓનું પ્રતિકાર્પણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં કિશનભાઈ, રાકેશ પ્રજાપતિ 'રાહી', મનીષ યાજ્ઞિક, જસવંતરાય ભટ્ટ, એન.ડી. બારોટ, વિજય ઠાકોર, રમણભાઈ પરમાર, કાન્તિભાઈ નાયક, સુરેશભાઈ પટેલ, વિજય પટે, જયેશ શુકલ, અશ્વિન પટેલ, હિતેષ પરમાર, કૃણાલ મહેતા, યજ્ઞેશ યાજ્ઞિક, ભદ્રેશ અડાલજા સહિત અનેક કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

ફૂલહાર અર્પણ કર્યા બાદ એક સંકલન બેઠકનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બંધારણના ઘડવેયા આંબેડકરના જીવન વૃત્તાંત અને પ્રેરક પ્રસંગો રજૂ કરવામાં આવ્યા હતા. સદર બેઠકમાં પાર્ટીના આગામી કાર્યક્રમો વિશે ચર્ચા-વિમર્શ કરવામાં આવ્યા હતા. ૨૨ તારીખના સંસદ ઘેરાવ કાર્યક્રમની રૂપરેખા રજૂ કરવામાં આવી હતી.

સેક્ટર-૨૧ હવેલી મંદિરના દર્શન સમયમાં ફેરફાર

સેક્ટર-૨૧ ગોવર્ધનનાથજી હવેલીમાં પ્રાદુર્ભાવ મહોત્સવ નિમિત્તે દર્શનના સમયમાં ફેરફાર કરેલ છે. ૫૩૮ના જન્મ દિવસે મંગળાના દર્શન સવારે ૭.૩૦ થી ૮.૦૦ કલાકે, શૃંગારના દર્શન સવારે ૧૦.૦૦ થી ૧૦.૩૦ કલાકે, રાજભોગ દર્શન સવારે ૧૧.૩૦ થી ૧૨ કલાકે થઈ શકશે. તેમજ સાંજના દર્શનનો સમય યથાવત રાખેલ છે.

દશકોશી વણકર સમાજે શ્રદ્ધાંજલિ અર્પી

ગાંધીનગર, તા. ૧૪

શ્રી નાની દશકોશી અઢાર ગામ વણકર સમાજ દ્વારા વિશ્વવિભૂતિ ડૉ. બાબાસાહેબની ૧૨૫મી જન્મ જયંતિ નિમિત્તે પ્રેરણાભૂમિ સ્થિત ડૉ. આંબેડકરની પ્રતિમાને ફૂલહાર પહેરાવી પૂષ્પાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે સમાજના દશરથલાલ પરમાર, શિરિષ મકવાણા, અમિત રાઠોડ, પરેશ સોલંકી, મહેશ પરમાર, અમૃત જાદવ, પંકજ કાપડિયા સહિતના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૦
સૂર્યાસ્ત : ૭.૦૧

તાપમાન

મહત્તમ : ૩૩.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૨.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૯ ટકા ● સાંજે ૩૧ ટકા

મનોરંજન

સિનેમેક્સ

સ્ક્રીન-૧ :
ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ ૭ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

સ્ક્રીન-૨ :
ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ (હિન્દી) : ૯.૧૫, ૧૨.૧૫, ૬.૩૦
ડિટેકટીવ વ્યોમકેશ બક્ષી : ૩.૧૫, ૯.૩૦

સ્ક્રીન-૩ :
ધરમ સંકટ મેં : ૧૦.૪૫, ૧.૩૫, ૪.૪૫, ૭.૧૫, ૧૦.૦૫

સ્ક્રીન-૪ :
એક પહેલી લીલા : ૯.૪૫, ૧૨.૫૦, ૩.૫૫, ૭.૦૦, ૧૦.૦૫

સિટીપલ્સ

: સ્ક્રીન-૧ :
ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ : ૬.૪૫, ૧૦.૧૫

સ્ક્રીન-૨ :
લીલા : ૧૨.૩૦, ૩.૩૦, ૧૦.૧૫
ધરમ સંકટ મેં : ૬.૪૫

સ્ક્રીન-૩ :
ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ (ઈંગ્લીશ) : ૭.૦૦
બ્રોકન હોર્સીસ : ૧૦.૩૦, ૩.૦, ૫.૦૦, ૯.૪૫
ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ (હિન્દી) : ૧૨.૩૦

સ્ક્રીન-૪ :
લીલા : ૧૦.૦૦
ધરમ સંકટ મેં : ૩.૪૫
ડિટેકટીવ વ્યોમકેશ બક્ષી : ૧.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

સ્ક્રીન-૫ :
લીલા : ૬.૩૦
ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ (હિન્દી) : ૧૦.૦૦, ૩.૪૫
ધરમ સંકટ મેં : ૧૨.૪૫, ૧૦.૦૦

આપની આજ

મેષ : વહીવટના ક્ષેત્રોમાં ઉચ્ચસ્તરીય, કુટુંબમાં માંગલિક કાર્યોનો યોગ. મિત્રોની સાથે સમય પસાર થઈ શકશે. ધર્મ, આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થશે.

વૃષભ : ધૈર્ય અને સંયમ રાખવો પડશે. યોજનાનુસાર કાર્ય કરવાથી લાભ થશે. કોર્ટ-કચેરીમાં વિજય મેળવી શકશો. શત્રુ પરાસ્ત થશે. વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

મિથુન : દૂરદર્શિતા તેમજ બુદ્ધિચાતુર્યથી મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. રાજકીય- સામાજિક સમસ્યાઓમાં સહયોગ કરવો પડશે. ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યો થઈ શકશે.

કર્ક : વ્યર્થ ભ્રમમાં ન રહેતા સ્વવિવેકથી કામ કરશો તો સફળતા સંભવ છે. ધાર્મિક કાર્યોમાં મન લાગશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી.

સિંહ : પ્રસન્નતા અને આશાજનક વાતાવરણને કારણે પ્રયાસો સાર્થક થશે. વ્યાપાર, રોજગારમાં સમય પર નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે. સામાજિક કાર્યોમાં યશ અને સન્માનમાં વધારો થશે. વ્યાપાર સારો ચાલશે.

કન્યા : નવી યોજના બનશે જેનો લાભ ભવિષ્યમાં થશે, પર્યત્નો ચાલુ રાખવા, કુટુંબમાં સામંજસ્ય બન્યુ રહેશે. મિત્રો અને વાંચવા લખવાનાં કાર્યોમાં રુચિ જાગૃત થશે .

તુલા : તમારા કાર્યોની સમાજમાં પ્રસન્નતા થશે, સ્થાયી સંપત્તિની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધનો યોગ.

વૃશ્ચિક : વેપારમાં સમસ્યાઓ છતાં કાર્ય થવાનો યોગ. આર્થિક ક્ષેત્રમાં સમસ્યાઓ ઉભી થવાની સંભાવનાઓ છે. ખાનપાનમાં સંયમ રાખવું.ઉચ્ચસ્તરીય સન્માન પ્રાપ્ત થઈ શકે છે.

ધન : કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન આવી શકશે. વિચારેલા કાર્ય આજે પૂર્ણ થઈ શકે છે. સામાજિક ક્ષેત્રોમાં માન- સન્માન, પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે.

મકર : આપ પોતાની બુદ્ધિ બળે કાર્યમાં વૃદ્ધિ થઈ શકશે. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થશે. પ્રયત્નોનો ફળ તરત જ પ્રાપ્ત થઈ શકે છે.

કુંભ : વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ થશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થવાની સંભાવના છે. જ્ઞાન શોધના કાર્યોમાં મન લાગશે. ધ્યાન, સમાધિ, ગુપ્ત જ્ઞાન સંબંધી કાર્ય થઈ શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું.

મીન : ધન પ્રાપ્તિનો વિશેષ યોગ. સંચિત ધનમાં વૃદ્ધિનો યોગ. માનસિક શાંતિ જાળવી રાખવી. નવા સંબંધો બંધાશે. ઘરમાં મહેમાન આવી શકે છે. મિત્રોનો સહકાર મળી રહેશે.

ચિરવિદાય

● સ્વ. જીવણભાઈ ભગાભાઈ પરમાર (ઉ.વ.૭૨) પ્લોટ નં. ૧૩૧/૧, સેકટર-૧૪, ગાંધીનગર